# દક્ષિણ ભારત સમાજ ઝોનમાં સતપંથી ઓ ને ભેળવવામાં બહુ મોટી ગડબડ થવા થી સનાતની ઓ માં મોટો આક્રોશ છે.

દક્ષિણ ભારત સમાજ જાન્યુઆરીની જનરલ મિટિંગમાં નક્કી કરવામાં આવેલ કે જે સતપંથી લોકો પ્રેમથી આપણા નિયમો અપનાવીને આવતા હશે એમને આપણે લઈ લેવાના.

ત્યારબાદ  દક્ષિણ ભારતના  સતપંથીઓના મદદ થી પીરાણા તરફથી વકીલોની નોટીસ મોકલવામાં આવેલ જેના કારણે એક અરજન્ટ કારોબારી બોલવાની જરૂર પડી.

૧૦ માર્ચ દક્ષિણ ભારત સમાજ કારોબારી ની મિટિંગ ત્રિચી ખાતે.

પ્રમુખ શ્રી શિવગણ વાસાણી એ હાજર રહેલા કારોબારી સભ્ય ને નીચેના મુદ્દા પર રાય માગી.

સતપંથી ભાઈઓ આવવા માંગેછે શું કરીએ?

કારોબારીમાં ૮૦% થી ૮૫% એ નીચે જણાવેલ મુજબ પોતાની ગટક સમાજ નો વિચાર જણાવ્યો.

**નીચે મુજબના સુજવો આવ્યા:**

૧) આપણી દક્ષિણ ભારત સમાજ ના કહેવાથી જે લોકોને રામપર સમાજે સમાજ બાર કર્યા છે તેને પહેલા ગામ સ્વીકારે પછી આપણે વિચારીએ.

૨) હજી મહિના પહેલા જેમને પીરાણા માંથી બોલાવીને પૂજા પાઠ કર્યા તેમને થોડા દિવશ પછી સમજી વિચારી લેવા.

૩) જેમને આપણી સામે કોર્ટ ની નોટીશ મૂકી અને આપણી સામે અઠવાડીયા પહેલા પણ રમત રમતા હતા તેમને પણ લેવા થી પહેલા ગંભીરતા થી વિચારવું પડે.

૪) દક્ષિણ ભારત સમાજે નક્કી કરેલ કે જે સતપંથી નખત્રાણા ખાતે આવી રહેલ દશાબ્દી ધર્મોત્સવ માં ભાગ લેશે તેને ન લેવા. તો આવાને પણ વિચારી ને નિર્ણય કરવો.

૫) ઇસ્લામ (સતપંથ) ખતરામાં છે કરીને હાલમાં પીરાણા વાળા પંકજ અને ત્રિચી વાળા હશમુખ સાથે જે વાત ચિત્ત નો ઓડિયો અને ત્યાર બાદ દક્ષિણ ભારત માં પીરાણાથી  લોકોને બોલાવી દક્ષિણ ભારત માં સંપર્ક યાત્રા માં જોડાયેલ તેમના માટે તો ખાસ સોચી સમજી વિચાર કરવો.

૬) હાલમાં દક્ષિણ ભારત માં તમિલ ભાઈઓ સાથે મળી જાહેર સભા મા સનાતની પટેલ જ્ઞાતિ ને બદનામ કરી છે તેને પણ સમજી વિચારી ને લેવા.

૬) શીંગોટા વાલજી નાનજી રંગાણી રામપર વાળા જેમને ૧૫ મહિના પહેલા અરજી આપેલ અને ચાર પાંચ મહિના મા કરછ ના દાખલા આપશે તેનો વાયદો કરેલ જે આજ ૧૫ મહિના થવા છતા રામપર સમાજ ને આજ સુધી વિનંતી નથી કરી, અને પૂછી એ તો એમ કહે છે કે રામપર સમાજને હું પગે લાગવા નહીં જવું મને દક્ષિણ ભારત સમાજમાંથી કોણ કાઢે છે તે જોઈ લઉં છું અને ***તમારી સમાજ*** ગાલાવેલી છે એવું કહે છે. વાલાભાઈ ને છેલ્લે જનરલ સભામાં

જાન્યુઆરી 31 નો સમય આપવામાં આવ્યો હતો પણ હજુ સુધી દાખલા લઈને નથી આવ્યા.
પ્રમુખ સાહેબને રિક્વેસ્ટ કરવામાં આવી હતી કંઈક પગલાં લેવાની. પ્રમુખશ્રી એ વાતને સાઈડમાં મૂકી દીધી.

આવી રીતે મોટે ભાગે બધાએ સનાતનીઓના રક્ષણની વાત કરી પણ અંતમાં પ્રમુખ સ્થાન થી એવું કહેવા માં આવ્યુંકે કેન્દ્રી સમાજનો આદેશ છે કે બધાને લઈ લેવા અને ડખા ઓછા કરવા. તેથી મારો પણ આદેશ છે કે બધું બાજુ માં મૂકીને આપે આપણા નિયમ માં ફેરફાર કર્યા વગર એક્વાર લઈ લઈએ જે કાયદાનું પાલન નહિ કરે તેમને કાઢી મુકીશું.

ત્યારે ફરી વાત ઉપડી કે વાલજી ભાઈ રંગાણી ને ૧૫ મહિના થયા હજી જરૂરી કાગળ નથી આપ્યા અને એ હું કાંઈ નહિ કરું શું કરી લેશે ***તમારી સમાજ*** આવી વાત કરે છે તમને પહેલા કાઢો તો કહેવાય કે કાયદો કામ કરે છે.

તેના જવાબમાં પણ એમ કહેવામાં આવ્યું કે એમની વાત ન કરો.

હાલમાં ટોપ બે હૉદ્દેદોરો શિવાય બધા આ નિર્ણય ના ખિલાફ છે.

**સનાતની સમાજ તુટવી ન જોઈએ .. સનાતની સમાજના ભોગે સતપંથી ઓ ને લેવાની વાતો કરનાર લોકો થી ચેતજો... આ લોકો સતપંથી ઓ કરતાં વધારે ઘાતક છે. દક્ષિણ ભારતના સનાતની ભાઈઓને ખાસ વિનંતી કે સમાજને નુકસાન કરનાર લોકોને ચલાવી ન લો. જોરદાર વિરોધ કરવો એ આપણા સર્વે ની પવિત્ર ફરજ છે.**